શહેરમાં મેઘરાજાના રીસામણા : આચમની ભરીને વરસ્યા : ભીની માટીની મહેંક પ્રસરી

સવારથી જ ગોરંભાયેલા વરસાદી વાદળો છાંટણા વરસાવી અદ્રશ્ય થઇ ગયા : દિવસ દરમિયાન વાદળિયુ વાતાવરણ છવાયેલુ રહ્યુ : ચ-૦ પાસે ધોધમાર ઝાપટુ વરસ્યુ શહેરમાં માત્ર માટી ભીની થઇ : મેઘરાજાના વિચિત્ર મિજાજથી નગરજનોને બેચેની

ગાંધીનગર તા ૧૪

ગાંધીનગરમાં ગઇકાલની જેમ આજે પણ મેઘરાજા વરસ્યા વિના જ વિદાય થઇ ગયા હતા. આજે સવારથી જ વાદળિયુ વાતાવરણ છવાયેલુ રહ્યુ હતુ પરંતુ સાંજ સુધી વરસાદ વરસ્યો ન હતો જયારે સાંજના સમયે પલવાર માટે છાંટણા વરસાવી વરસાદ અદ્રશ્ય થઇ ગયો હતો. વરસાદી છાંટણાથી શહેરમાં ભીની માટીની મહેંક પ્રસરી હતી. જો કે ગઇકાલની સાપેક્ષમાં ગરમીનુ પ્રમાણ બે ડીગ્રી વધ્યુ હતુ. દિવસ દરમિયાન વાદળિયા વાતાવરણના અંતે સાંજે આકાશ પણ ચોખ્ખુ થઇ જતા સતત બીજા દિવસે પણ વરસાદની આશ ઠગારી નિવડી હતી. શહેર આસપાસ તેમજ પ્રવેશદ્વારે ધોધમાર વરસાદી ઝાપટાથી ઠેર ઠેર પાણી ભરાઇ ગયા હતા. પરંતુ સેકટરોથી મેઘરાજા હજુ રીસાયેલા રહ્યા હતા.

ગાંધીનગરમાં છેલ્લા બે દિવસથી ગોરંભાયેલા વાદળો મનમુકીને વરસતા નથી શહેરની આસપાસના વિસ્તારમાં ધોધમાર ઝાપટુ વરસાવી મેઘરાજા પાણી પાણી કરી જાય છે. પરંતુ સેકટરોમાં માત્ર હાજરી પુરાવી વિદાય લેતા મેઘરાજાના વિચિત્ર મિજાજથી નગરજનો અકળાયા છે. બેઘડી છાંટણા વરસાવી વરસાદ સતત બે દિવસથી હાથતાળી આપી અદ્રશ્ય થઇ જાય છે. આજે પણ આકાશમાં આવી પહોંચેલી મેઘસવારી જમીન પર ઉતરી ન હતી. સાંજના સમયે વરસાદી છાંટણાથી વાતાવરણમાં ભીની માટીની મહેંક પ્રસરી હતી. જયારે દિવસના વાદળિયા વાતાવરણના અંતે ગરમીનુ જોર ઘટયુ હતુ જયારે સાંજના સમયે આકાશમાંથી વરસાદી વાદળો પણ

● અનુસંધાન પાન-૭ પર

અસહ્ય બફારાથી નગરજનો ત્રસ્ત

આકાશમાં વાદળો ઘેરાય છે પરંતુ વરસાદ પડતો નથી જેના કારણે બફારો ખુબ વધી ગયો છે : વસાહતીઓ પરસેવે રેબઝેબ બન્યા

ગાંધીનગર, તા. ૧૪

વિધિવત ચોમાસુ શરૂ થાય તે પહેલા વાતાવરણમાં ખુબ ફેરફાર આવી રહ્યા છે. આકાશમાં વાદળો ઘેરાય છે પરંતુ વરસાદ પડતો નથી જેના કારણે ખુબ જ બફારો અનુભવાઈ રહ્યો છે. વસાહતીઓ પરસેવે રેબઝેબ બન્યા છે. બફારાથી સૌ કોઈ ત્રસ્ત બન્યા છે.

ગુજરાતમાં વરસાદની ગતિવિધિઓ શરૂ થઈ ચકી છે. દક્ષિણ ગુજરાત, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં વરસાદી માહોલ જામ્યો છે. ઘણા વિસ્તારોમાં ૧ થી ૩ ઈંચ જેટલો વરસાદ પડી ચૂક્યો છે. વરસાદ પડતા જ ખેડૂતો ખુશખુશાલ બન્યા છે. જોકે ગાંધીનગરના વસાહતીઓ ખુશ નથી કારણ કે વાદળોની અવરજવર ખુબ હોવા છતાં અહીં એકાદ સારૂ કહી શકાય તેવુ ઝાંપટુ પણ પડ્યુ નથી. વરસાદી માહોલ જામે છે પરંતુ વરસાદ ન પડતા ગરમી અને બફારાએ માઝા મુકી છે. ઘરની બહાર નીકળી શકાય તેવી હાલત જ નથી. ઘરમાં પણ આખો દિવસ એસી ચલાવવુ પડે છે. ભેજનું પ્રમાણ વધુ હોવાથી કુલરની પણ કોઈ અસર થતી નથી. કુલર જરાય કામ કરતા નથી. એસી જરાકવાર બંધ હોય તો પરસેવે રેબઝેબ થઈ જવાય છે. બફારો ખુબ વધતા વસાહતીઓ સારા વરસાદની આશા રાખી રહ્યા છે.

હવામાન વિભાગે આશ્વાસન આપ્યું છે કે ગુજરાતમાં વરસાદની ગતિવિધિઓ શરૂ થઈ ચૂકી છે. આગામી પાંચ દિવસમાં સમગ્ર ગુજરાતમાં હળવાથી મધ્યમ વરસાદ પડવાની સંભાવના છે. સમગ્ર ચોમાસા દરમ્યાન ૯૬ થી ૧૦૪ ટકા વરસાદ પડવાની સંભાવના છે.

ગરમીનો પારો ઘટશે ૧૮મીએ જિલ્લામાં વરસાદ થવાની સંભાવના

૧૫ જૂનથી ૧૯ જૂન દરમ્યાનના પાંચ દિવસમાં આકાશ મોટાભાગે વાદળછાયુ રહેશે

ગાંધીનગર, તા. ૧૪

હવે ગરમી ઘટી જશે અને ૧૮મીએ જિલ્લામાં મેઘરાજાની સવારી આવશે. દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાનશાસ્ત્ર વિભાગ દ્વારા હવામાન પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનના અંક નં. ૨૨માં જણાવવામાં આવ્યુ છે.

૧૫ જૂનથી ૧૯ જૂન દરમ્યાનના પાંચ દિવસમાં આકાશ મોટાભાગે વાદળછાયુ રહેશે. છુટી છવાઈ જગ્યાએ હળવો વરસાદ પડવાની શક્યતાઓ છે. જિલ્લામાં ૧૮મીએ પાંચ મી.મી. જેટલો વરસાદ થવાની સંભાવના આ બુલેટીનમાં જણાવાઈ છે.

મહત્તમ તાપમાન ૩૬ થી ૩૮ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૬ ડિગ્રી સે. રહેવાની સંભાવના વ્યક્ત કરાઈ છે. હવામાં ભેજનું પ્રમાણ ૨૯ થી ૬૩ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૧૮-૨૪ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતા છે.

૧૯ થી ૨૫ જૂન દરમ્યાન તાપમાનનો પારો ૩૪ ડિગ્રી થશે અને લઘુત્તમ તાપમાન ૨૫ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે. છુટી છવાઈ જગ્યાએ હળવો સામાન્ય કરતા વધારે વરસાદ પડવાની શક્યતાઓ છે તેમ પણ આગોતરૂ અનુમાન કરતાં આ બુલેટીનમાં જણાવાયું છે.

સાયકલ શેરીંગ પ્રોજેકટની સાયકલો અને સ્ટેન્ડની હરાજી

ગુડાને ૩૬ લાખની આવક : કોર્પોરેશને પણ આ પ્રોજેકટને જીવંત રાખવામાં નિરસતા દાખવી : સાયકલ ટ્રેક પાછળ ખર્ચાયેલા લાખો રૂપિયા ઉપર પણ પાણીટોળ

ગાંધીનગર તા ૧૪

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા શહેરમાં શરૂ કરવામાં આવેલો સાયકલ શેરિંગ પ્રોજેકટ આખરે બંધ કરી દેવાયો છે. જયારે ગુડા દ્વારા આ પ્રોજેકટને અનુલક્ષીને ગુડા દ્વારા ૬૦૦ જેટલી સાયકલ અને કન્ટેનર ટાઈપના સ્ટેન્ડ રૂ ૩૬ લાખમાં વેચાણ આપી દેવાયા છે. જેના અંતે ગાંધીનગરમાં એક સફળ સાયકલ શેરીંગ પ્રોજેકટનો અંત આવી ગયો છે. જયારે શહેરના માર્ગો પર ગુડાની સાયકલોની ટ્રીન ટ્રીન પણ બંધ થઈ ગઈ છે મહાનગરપાલિકાએ પણ આ લોકઉપયોગી પ્રોજેકટ સંદર્ભે નિરસતા ન દાખવતા શહેરમાં આમ નાગરિકોની તંદુરસ્તી અને પર્યાવરણ સુરક્ષાની વાત હવા થઈ ગઈ છે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા શહેરમાં સાયકલ શેરિંગ પ્રોજેકટ કાર્યરત કરાયો હતો આમ નાગરિકોની આરોગ્ય સુખાકારી અને પર્યાવરણની સુરક્ષાના ઉમદા આશય સાથે શરૂ કરાયેલા આ પ્રોજેકટ અન્વયે પ્રથમ તબક્કામાં ૧૦૦ સાયકલ અને શહેરમાં વિવિધ ઠેકાણે ૧૦ સ્ટેન્ડ ઉભા કરાયા હતા. આ સાયકલ શેરિંગ પ્રોજેકટને વધુ સફળ બનાવવા માટે ઉચ્ચ અધિકારીઓ અને નેતાઓએ પણ રસ લીધો હતો. હરિયાળા ગાંધીનગરમાં વાતાવરણમાં પ્રદુષણ ઘટે અને આમ નાગરિકો તંદુરસ્તી માટે વધુ સજાગ બને તેવા આશયથી આ પ્રોજેકટની શરૂઆત કરવામાં આવી હતી. જયારે સેકટરોએ નિયત જગ્યાએ ઉભા કરાયેલા સ્ટેન્ડ પરથી નાગરિકો પણ ઉત્સાહ પુર્વક સાયકલ સવારી કરતા નજરે પડતા હતા અલબત્ત ગુડાના આ સાયકલ શેરીંગ પ્રોજેકટને વ્યાપક પ્રતિસાદ મળતા આખરે ગુડા દ્વારા સાયકલોની સંખ્યા વધારી દેવામાં આવી હતી સેકટરોમાં મુખ્યમાર્ગો પર સાયકલ સ્ટેન્ડ વધારી સાયકલની સંખ્યા પણ ૬૦૦ જેટલી કરી દેવામાં આવી હતી. આ ઉપરાંત સાયકલ સ્ટેન્ડ પણ ૩૦ કરી દેવાયા હતા. જયારે ગુડાએ સાયકલ અને સ્ટેન્ડ પણ સંસ્થાઓ દ્વારા દાનમાં મેળવ્યા હતા બીજીતરફ ગુડામાં ચેરમેનની મુદત પુરી થતા કોઈ રાજકીય નિમણુંક પણ થઈ ન હતી જયારે ત્યારબાદ ચેરમેન પદે અધિકારીઓ જ આવ્યા છે. જયારે હવે ગુડા મહાનગરપાલિકા વિસ્તારમાં આ સુવિધા આપવાની હોવાથી સાયકલ શેરિંગ પ્રોજેકટમાંથી હાથ ઉંચા કરી લીધા છે.

● અનુસંધાન પાન-૭ પર

સરકારી કોમર્સ કોલેજમાં હવે એમ.કોમ. અંગ્રેજી માધ્યમના વર્ગને મંજૂરી

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરની સરકારી વાણિજ્ય કોલેજને અંગ્રેજી માધ્યમમાં એમ.કોમ.નો વર્ગ શરૂ કરવાની માંગણી ગુજરાત યુનિ.એ ગ્રાહ્ય રાખી છે અને આ અંગેની મંજૂરી પણ આપવામાં આવી છે.

આ શૈક્ષણિક સત્રથી ૧૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાશે તેવી શરત પણ યુનિ. દ્વારા લાદવામાં આવી છે. આ માટે જરૂરી સ્ટાફ તેમજ વર્ગખંડ પણ રાખવાના રહેશે.

ગુજરાત યુનિ.ની તાજેતરમાં મળેલી બેઠકમાં અનુસ્તાનક કેન્દ્ર શરૂ કરવાની કોલેજની અરજી પર વિચારણા કરવામાં આવી હતી અને આ અંગેનો મંજૂરી પત્ર પણ સંસ્થાને મોકલી આપવામાં આવ્યો હોવાનું યુનિ.ના સૂત્રોએ જણાવ્યુ છે.

ગાંધીનગર સરકારી વાણિજ્ય કોલેજે એમ.કોમ.નો અંગ્રેજી માધ્યમનો વર્ગ શરૂ કરવા માટે કરેલ અરજી પછી એલઆઈસી કમિટીના અહેવાલને ધ્યાને લઈ આ માંગણી મંજૂર કરવામાં આવી છે. જેમાં ગ્રાન્ટેબલ ફીના ધોરણે, યુનિ.ના નિયમોને આધીન તેમજ શૈક્ષણિક જવાબદારી સાથે આ વર્ગ શરૂ કરવાની મંજૂરી આપવામાં આવી છે.

આ અંગે કોલેજના આચાર્ય ડૉ. અમીત સુતરિયાએ ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે અમને મંજૂરી આપતો પત્ર મળ્યો છે અને ટૂંકમાં જ આ અંગેની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

તેમણે કહ્યુ હતુ કે ગાંધીનગર નોલેજ સીટી તરીકે ડેવલપ થઈ રહેલ છે ત્યારે સરકારી કોલેજમાં આ અનુસ્નાતક વર્ગની મંજૂરીનું મહત્વ વિશેષ છે. તેમણે જણાવ્યુ હતુ કે આ વિદ્યાર્થીઓના વિકાસ અને શૈક્ષણિક કારકિર્દી માટે અત્યંત સીમાચિહ્નરૂપ છે.

સે-૯માં ચ, છ અને જ કક્ષાના ૭૨ મકાનો તોડવાનુ કામ શરૂ કરાયુ

આગામી ચાર મહીનામાં ૪૫ વર્ષ જુના આવાસોનો કડુસલો કરી દેવાશે : ઇન્કવાયરી કચેરી પાછળની જગ્યા ખુલ્લી થશે

ગાંધીનગર તા ૧૪

ગાંધીનગરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી મોટાભાગના રહેણાંકને લાયક રહ્યા નથી જેના લીધે તંત્ર દ્વારા જોખમી આવાસોનો નિકાલ કરી જગ્યા ખુલ્લી કરવા માટે મકાનોનો કડુસલો કરવા માટે વિભાગને દરખાસ્ત કરવામાં આવે છે. જેના લીધે અત્યાર સુધી સેકટરોમાંથી ઘણાંખરા જોખમી મકાનો જમીનદોસ્ત કરી દેવાયા છે. જયારે હાલ પણ આવાસો તોડવાની કામગીરી ચાલી રહી છે. સે-૯ માં પણ ચ, છ અને જ કક્ષાના સાડા ચાર દાયકા જુના સરકારી આવાસો તોડવા માટે તંત્રએ કામ શરૂ કરી દીધુ છે. જયારે ઈન્કવાયરી કચેરી પાછળના આ મકાનો તોડવાનુ કામ ચાર મહીનામાં પુર્ણ કરી દેવાશે જેના અંતે જગ્યા પણ ખુલ્લી થઈ જશે.

ગાંધીનગર શહેરના સેકટરોમાં સ્થિત દાયકાઓ જુના સરકારી આવાસો પૈકી મોટાભાગના જોખમી હાલતમાં છે. જયારે આ આવાસો રહેણાંકની દ્રષ્ટીએ જોખમી હોવાના લીધે તંત્ર દ્વારા તબક્કાવાર મકાનો ખાલી કરાવી તોડવા માટે વિભાગને દરખાસ્ત પણ કરવામાં આવી રહી છે. શહેરમાં સાડા ચાર દાયકા જુના મકાનો હાલ ખંડેર હાલતમાં જોવા મળી રહ્યા છે. આમછતા રહેણાંકને લાયક યોગ્ય આવાસોની ઉપલબ્ધિના અભાવે હાલમાં પણ આ આવાસોમાં રહીશોનો વસવાટ છે. જયારે આ પ્રકારના જોખમી મકાનો તબક્કાર તોડવા માટે તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરી ભયજનક મકાનોનો કડુસલો કરવા માટે આયોજન કરવામાં આવે છે. શહેરમાં સૌ પ્રથમ નિકાલ હેઠળ જાહેર કરાયેલા સે-૧૬ ના આવાસો તોડવામાં આવ્યા હતા ત્યારબાદ જોખમી આવાસોમાંના છતમાંથી પોપડા ખરવાની સાથે સે-૬ માં પણ વર્ષો પુર્વે એક બ્લોક અચાનક જ કડડભુસ થવાની ઘટના સામે આવી હતી ત્યારબાદ ભયજનક આવાસો તોડવાના મામલે માર્ગ મકાન વિભાગ કક્ષાએથી ઝડપથી નિર્ણય લેવામાં આવતા હાલ સે-૭ સે-૬ અને સે-૨૯ તેમજ સે-૩૦ માં જુના આવાસોના સ્થાને નવા કોર્પોરેટ લુક ધરાવતા સરકારી આવાસો પણ જોવા મળી રહ્યા છે. હજુ પણ શહેરના સેકટરોમાં નવા આવાસો બાંધવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. આ માટે ટુંકમાં સ્થળ પસંદગી પણ કરી દેવાશે. જયારે શહેરના સેકટરોમાં ભયજનક આવાસો પૈકી જે બ્લોકને રીનોવેશન હેઠળ લઈ શકાય તેવા ન હોય તેવા સંજોગોમાં મકાનો તોડી નાંખવા માટે મંજુરી આપી દેવામાં આવે છે. સે-૯ માં પણ ચ, છ અને જ કક્ષાના વિવિધ બ્લોક તોડવા માટે તંત્રને મંજુરી આપી દેવાતા હાલ આ ખંડેર મકાનો તોડવાનુ કામ શરૂ કરી દેવાયુ છે. જેમાં સે--૯ ની ઈન્કયારી કચેરી પાછળ સ્થિત ચાર દાયકાથી પણ જુના ચ, છ અને જ કક્ષાના ૭૨ મકાનો તોડવામાં આવી રહ્યા છે. આ જોખમી મકાનો તોડવાની કામગીરી આગામી ચાર મહીનામાં પુર્ણ કરી દેવાશે જયારે આવાસો તોડવામાં આવ્યા બાદ ઈન્કવાયરી કચેરી પાછળની જગ્યા ખુલ્લી થઈ જશે. શહેરના અન્ય સેકટરોમાં પણ જોખમી આવસો મામલે સર્વે હાથ ધરી તબક્કાવાર મકાનોનો નિકાલ કરવા માટે આવાસોને તોડવાની મંજુરી આપવામાં આવી રહી છે. અગાઉ સે-૭, સે-૬ સે-૧૬ અને સે-૨૨ સહીતના વિસ્તારમાં પણ વર્ષો જુના મકાનો તોડી નાંખવામાં આવ્યા હતા જયારે કેટલાક મકાનો મજબુતીકરણ હેઠળ આવરી લઈ આવાસોની ઘટની સ્થિતિમાં કર્મચારીઓને રહેણાંક પુરુ પાડવા માટે પણ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

ચિંતા : શહેરમાં કોરોનાના વધુ ૧૦ કેસ

આઈઆઈટીમાં ૪ કેસ ઉપરાંત ભાટ, સરગાસણ, ૩-એ-ન્યુ, સે. ૧૪ તેમજ સે. ૨૯માંથી કેસો મળી આવ્યા

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૧૦ કેસ નોંધાયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં એક પણ નવો કેસ નોંધાયો નથી.

ગાંધીનગર શહેરમાં જે ગતિએ કેસો મળી રહ્યા છે તે ચોથી લ્હેર આવી પહોંચી હોવાનો સંકેત છે. જોકે તંત્ર હજુ સત્તાવાર રીતે કહેવા તૈયાર નથી પરંતુ શહેરમાં સંક્રમણની સ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાનું જણાવે છે.

શહેરમાં જે રીતે કોરોના ગાઈડલાઈન્સના પાલનમાં લોકો બેફિકરા બન્યા છે તેને લઈ તંત્ર ચિંતીત જરૂર બન્યુ છે. શહેરમાં હવે માસ્ક ફરજીયાત કરવા માટે મનપાનું તંત્ર વિચારી રહ્યુ છે.

શહેરમાં આજે નોંધાયેલા ૧૦ કેસમાં પાંચ કેસ મહિલા દર્દીના છે. મહિલા દર્દીઓની વધતી જતી સંખ્યા તંત્ર માટે ચિંતાનો મુદ્દો બની છે. આજે નોંધાયેલા કેસોમાં ૪ કેસ આઈઆઈટી કેમ્પસમાં નોંધાયા છે. આજે નોંધાયેલા કેસોમાં પાંચ કેસમાં કોઈપણ પ્રકારની ટ્રાવેલ હિસ્ટ્રી ન મળી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

શહેરમાં જે ઝડપથી કેસો મળી રહ્યા છે તે ઓમિક્રોન વાયરલ હોવાની વાતો પણ તબીબી જગતમાં ચર્ચાનો મુદ્દો બન્યો છે : મહિલા દર્દીઓની વધતી જતી સંખ્યા તંત્ર માટે ચિંતાનો મુદ્દો બની છે : શહેરમાં હવે માસ્ક ફરજીયાત કરવા માટે મનપાનું તંત્ર વિચારી રહ્યુ છે

શહેરમાં જે ઝડપથી કેસો મળી રહ્યા છે તે ઓમિક્રોન વાયરલ હોવાની વાતો પણ તબીબી જગતમાં ચર્ચાનો મુદ્દો બન્યો છે. ઓમિક્રોન ઝડપથી ચેપ ફેલાવી રહ્યો છે જે ત્રીજી લ્હેર દરમ્યાન જોવા મળ્યુ હતુ અને હાલ જે ગતિએ કેસો મળી રહ્યા છે તે પણ એટલુ જ નોંધનીય છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૪ કેસ આઈઆઈટીમાં નોંધાયા છે. ત્રીજી લ્હેરમાં આઈઆઈટીનો વિસ્તાર સંવેદનશીલ બનીને ઉભર્યો હતો એ પણ નોંધનીય છે. આ ચારેય દર્દી ઉત્તરાખંડ ૩૦-૫-૨૨ના રોજ ગયા હતા અને ૮-૬-૨૨ના રોજ પરત ફરેલ છે. આ ચારેય દર્દીએ બુસ્ટર ડોઝ લીધો હોવા છતાં તેમને કોરોના થયો છે. આ ચારેય દર્દીઓને કોરોનાના હળવા લક્ષણો હોવાથી હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સરગાસણમાં એક ૩૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ભાટમાં ૩૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૩-એ-ન્યુમાં પણ ૫૯ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. સે. ૨૯માં ૪૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ઈન્ફોસીટી વિસ્તારમાં એક ૨૩ વર્ષીય યુવતીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ પાંચેય દર્દી કોઈપણ પ્રકારની ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતા નથી તેથી તેઓ કેવી રીતે સંક્રમિત થયા તેને લઈ તંત્ર તપાસ કરી રહેલ છે.

સે. ૧૪માં એક ૩૧ વર્ષીય તબીબનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેઓ રોજ તેમના વિઠલાપુર ખાતેના ક્લીનીક પર જતા હોવાનું જાણવા મળેલ છે.

શહેરમાં લોકલ ટ્રાન્સમીશન અને ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતા દર્દીઓ મળી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે નોંધાયેલા આ કેસો સાથે એક્ટીવ કેસની સંખ્યા વધીને ૩૬ જેટલી થઈ છે. આજે નોંધાયેલ તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા તાકીદ કરી છે.

શહેરમાં જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા તેમજ સઘન સર્વેલન્સ માટેની પણ તાકીદ કરવામાં આવી છે.

રાજ્યમાં કોરોનાના નવા ૧૬૫ કેસ

ગાંધીનગર, તા.૧૪

ગુજરાતમાં ફરી કોરોના સંક્રમણના કેસમાં ફરી વધારો થઈ રહ્યો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના સંક્રમણના નવા ૧૬૫ કેસ સામે આવ્યા છે. તેના એક દિવસ પહેલા રાજ્યમાં ૧૧૧ કેસ સામે આવ્યા હતા. રાહતની વાત છે કે છેલ્લા ૨૪ કલાકમાં એકપણ મૃત્યુ નોંધાયુ નથી. તો કોરોનાની સારવાર બાદ ૭૭ લોકો સાજા થયા છે. નવા કેસ બાદ રાજ્યમાં કુલ કેસનો આંકડો વધીને ૧૨ લાખ ૨૬ હજાર ૫૨૮ પર પહોંચી ગયો છે. જ્યારે કોરોનાને લીધે અત્યાર સુધી ૧૦૯૪૫ લોકોના મોત થયા છે.

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદ જિલ્લામાં ૯૨ કેસ સામે આવ્યા છે. જ્યારે

કડવા પાટીદાર સમાજ, ગાંધીનગર-વાર્ષિક સામાન્ય સભા

કડવા પાટીદાર સમાજ, ગાંધીનગરની ૪૨મી વાર્ષિક સામાન્ય સભા તારીખ : ૦૩-૦૭-૨૦૨૨ને રવિવારના રોજ સવારે ૦૯:૩૦ કલાકે ઉમા સમાજ ભવન હોલ, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે મળનાર છે. જેમાં સમાજના તમામ સભ્યશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ અને દાતાશ્રીઓને સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી છે.

મનુભાઈ બી. પટેલ પ્રમુખ — દિનેશભાઈ ડી. પટેલ મહામંત્રી

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, સેક્ટર-૧૨, ગાંધીનગર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. **ફોન** : ૨૩૨૨૨૫૭૧, **ફેક્સ** : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com